BAPS

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૦૮)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૨** **(કુલ ગુણ : ૭૫)**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

## વિભાગ-૧ : કિશોર સત્સંગ પરિચય - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૦૬

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''તમે અખંડ બ્રહ્મચર્ય રાખી અહીં રહો અને અમારી સેવા કરો.'' ૫૨

૨. ''હાથી ખૂંત્યો હોય તે હાથીથી જ બહાર નીકળે.'' ૭૩

૩. ''તેના ભગવાન તેની વહારે આવ્યા.'' ૮

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. ઘનશ્યામદાસ પોતાના શિષ્યોને મૂળ અક્ષરની ઓળખ કરાવતા. ૧૮

૨. શ્રીજીમહારાજે અમદાવાદ, ભુજ, વરતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢપુરમાં મંદિરો બાંધ્યાં. ૨૦

૩. શાસ્ત્રીજી મહારાજે ગઢપુરમાં ઘેલા કાંઠે ટેકરા પર મંદિર કર્યું. ૨૮

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં)** (૫ ગુણ)

૧. ગોરધનભાઈ ૮૯

૨. વિષ્ણુદાસ ૪૨

૩. મૂર્તિપૂજા ૧૨

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. લક્ષ્મીચંદ શેઠે શ્રીજીમહારાજ માટે શી ભેટ મોકલાવી ? ૩૫

૨. અંતરીક્ષમાંનો અવાજ સાંભળી શિવરામે શું કહ્યું ? ૧૯

૩. જે મનુષ્ય નિંદા કરે છે તેને કેવા જાણવા ? ૧

૪. રાણદેબાઈ શું જોઈને ધ્રુજી ગયાં ? ૬૯

૫. અંતરમાંથી અધર્મના સંકલ્પ કેવી રીતે નાશ પામે છે ? ૮૫

**પ્રશ્ન.૫.** જેમ ગાય છે...... (૭૯) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. અથવા** (૫ ગુણ)
વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૮ (૪૭) **નું નિરૂપણ લખો.**

**પ્રશ્ન.૬. નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** (૮ ગુણ)

૧. તે મંત્ર જેના ...... સમરો સદાયે. ૧૪

૨. આવ્યું મારે ...... વિના નવ આવે રે ૬૫

૩. यस्यात्मबुद्धिः ...... स एव गोखरः । ૮૮

૪. अन्यक्षेत्रे कृतं ...... वज्रलेपो भविष्यति ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. ૮૭

## વિભાગ-૨ : પ્રાગજી ભક્ત - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૦૫

**પ્રશ્ન.૭. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''છતાં સહેજ પણ વિકાર તેમને થતો નથી.'' ૩૭

૨. ''તમારું ઘર દેખાડો અને મારા જીવને સત્સંગી બનાવો.'' ૯

૩. ''સોનાના સિંહાસનમાં એમને બેસારી, સોનાની આરતી ઉતારીએ તો પણ ઓછું છે.'' ૫૦

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. ખાનદેશમાં ભગતજીનો મહિમા વધ્યો. ૪૦

૨. વિઠ્ઠલભાઈના દીકરાની વહુને કોલેરા મટી ગયો. ૫૮

૩. ભરૂચના ગણપતભાઈને મહુવાથી પાછા ફરતાં રેલ્વેમાં જવાની ઇચ્છા હતી. ૪૬

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૫ જૂન, ૨૦૦૮; પરીક્ષા : સત્સંગ પરિચય-૨; માધ્યમ : ગુજરાતી; સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૫૦૨**

| | |
|---|---|
| પરીક્ષાર્થીની અટક :- | પરીક્ષા આપી તે તારીખ :- |
| પરીક્ષાર્થીનું નામ :- | પરીક્ષા આપી તે સમય :- |
| પિતા / પતિનું નામ :- | બેઠક ક્રમાંક :- |
| પરીક્ષા સ્થળનું નામ :- | કેન્દ્ર નંબર :- |
| પરીક્ષાર્થીની સહી :- | કેન્દ્રનું નામ :- |

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં)** **(૫ ગુણ)**

૧. અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ ૨૩

૨. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના યોગમાં ૩

૩. સત્સંગમાંથી વિમુખ ૨૮

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **(૫ ગુણ)**

૧. ભગતજીએ વાંસદાના દિવાનજીને શું વચન આપ્યું ? ૪૨

૨. પોતાનું અપમાન કરનાર કયા સંતને ગુણાતીતાનંદ સ્વામીએ હાર પહેરાવ્યો ? ૨૭

૩. ગિરધરભાઈને શું સિદ્ધ કરવું હતું ? ૩૧

૪. છેલ્લા અન્નકૂટમાં હરિભક્તોને દર્શન દેતાં ભગતજી શું બોલ્યા હતા ? ૫૯

૫. સાધુનો કસબ સિદ્ધ કરનાર કેવો સમર્થ બને છે ? ૧૭

**પ્રશ્ન.૧૧. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** **(૬ ગુણ)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગતજી મહારાજનાં પ્રસાદીભૂત ગામો કયાં છે ?

(૧) ☐ સારંગપુર (૬) (૨) ☐ ગઢડા (૫૭)

(૩) ☐ પીઠવડી (૩) (૪) ☐ ચાણસદ (૪૨)

૨. આચાર્ય મહારાજે ભગતજીને ભગવાનનું સુખ કેવું હશે તેમ પૂછ્યું ત્યારે તેમણે જણાવ્યું કે ૪૮

(૧) ☐ ભગવાનના સુખમાં જે આસક્ત થયો હોય તેના નેત્રમાં સુખની શેડ્યો આવે.

(૨) ☐ પાંચ ઇન્દ્રિયો અને દસ અંતઃકરણ ઠરી જાય.

(૩) ☐ જેને ભગવાનના સુખનો અનુભવ થયો હોય તેનું મન ભગવાનની મૂર્તિને મૂકીને બીજે જાય જ નહિ.

(૪) ☐ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે જે ગુરુમુખી થાય તેને જ એ સુખનો અનુભવ થાય.

૩. ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કોને કોને કહ્યો ? ૨૩-૨૪

(૧) ☐ ત્રિકમદાસ

(૨) ☐ શુકાનંદ સ્વામી

(૩) ☐ વાઘા ખાચર

(૪) ☐ યજ્ઞપુરુષદાસજી

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૬ ગુણ)**

૧. વરતાલમાં ચૈત્રી નોમના દિવસે (હરિજયંતી) ગુણાતીતાનંદ સ્વામીનું અપમાન થયું. ૨૭

૨. ભગતજીએ પથરા પરથી મરેલું બિલાડું ખસેડ્યું. ૧૩

૩. વડોદરામાં રાવસાહેબનાં પત્ની સીતાબાને પાંચ દિવસ સુધી સમાધિમાં મહારાજ સાથે ભગતજીનાં દર્શન થયાં. ૪૫

૪. ગુણાતીતાનંદ સ્વામીએ વરતાલમાં નવ માસ સ્વરૂપનિષ્ઠાની વાતો કરી. ૬

૫. યજ્ઞપુરુષદાસજીને વિચાર આવ્યો કે 'જ્યાં ભગતજીનું અપમાન થયું હતું ત્યાં જ ભવ્ય સન્માન થવું જોઈએ.' ૪૯

૬. પ્રાગજી ભક્તને સત્સંગમાં પુરુષોત્તમના સ્વરૂપની વાત કરવાની સ્વામીએ આજ્ઞા આપી. ૨૦

**નોંધ : ઉપરોક્ત પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૩ જુલાઈ, ૨૦૦૮ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋